**માળીયા હાટીનાનાં મે.જયુડી. મેજી. ફ. ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માળીયા હાટીના**

**આંક : ૪ર**

**ક્રિમી. કેસ નંબર : ૫૯૩/૨૦૨૪**

**ફરિયાદી** : શ્રી સ ર કા ર

-:: **વિ રૂ ધ્ધ ::-**

**આરોપીઓ** : (૧) દિવ્યેશભાઈ નીલેશભાઈ ભરડા
રહે. કેશોદ, જુની શાક માર્કેટ
(૨) ઓમભાઈ અશોકભાઈ દાતી
રહે.રાજકોટ, અયોઘ્યા ચોક
(૩) વિજયભાઈ ખીમજીભાઈ રાઠોડ
રહે. ભંડુરી, તા. માળીયા હાટીના
(૪) રવિભાઈ ઉર્ફે બાદશાહ હેમંતભાઈ ચાંડપા
રહે.ભંડુરી, તા. માળીયા હાટીના
(૫) સાગરભાઈ મનોજભાઈ ચુડાસમા
રહે. ગોતાણા, તા. માળીયા હાટીના
(૬) એઝાઝભાઈ જુસબભાઈ સાંધ
રહે. કેશોદ, એરપોર્ટ રોડ, તા. કેશોદ.

**ગુનો : આઈ.પી.સી. કલમ-૩૩૬,૧૧૪ મુજબ.**

**-:: ચુકા દો ::-**

૧. આરોપીઓ વિરૂઘ્ધ આઈ.પી.સી. કલમ-૩૩૬,૧૧૪ મુજબનાં ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

૨. સદરહું કામે આરોપીઓ હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની વિના મૂલ્યે નકલો આપી તેની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાની કબુલાત કરી એક અલાયદી કબુલાત પુરસીસ આપેલ છે, જે કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોવાનું જણાતાં આરોપીઓને આક્ષેપિત ગુનાં માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૩. વધુમાં આ કામે ઉપરોકત હકીકત ઘ્યાને લીઘી, કેસ પેપર્સ ઘ્યાને લીઘા. આરોપીઓની કબુલાત અને આરોપીઓ તરફે થયેલ રજુઆત તથા કબુલાત પુરસીસનાં કારણો ઘ્યાને લેતાં આરોપીઓનો આ પ્રથમ ગુનો છે, હવે પછી આવો ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે, આરોપીઓ ગરીબ વર્ગના છે તથા ગુનો કર્યાનો તેને પસ્તાવો અને અફસોસ કરે છે અને દયાની અરજ ગુજારેલ છે. વધુમાં, તમામ સંજોગો જોતાં આરોપીઓ ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા

ગણી શકાય તેવા સંજોગો છે, તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે અને તે આધારે આરોપીઓની કબુલાત તથા દયા અરજ ગ્રાહય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તથા કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોરમેટીવ) હેતુને ધ્યાનમાં રાખી ન્યાયના હિતમાં, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::આ ખ રી હુ ક મ ::-**

- આરોપીઓને આઈ.પી.સી. કલમ–૩૩૬,૧૧૪ મુજબનાં ગુના માટે દોષિત ઠરાવી રૂા ૨૫૦ ×૬ કુલ ૧૫૦૦/– (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા) નો દંડ ફરમાવવામાં આવે છે.
- સદરહુ કામે મુદામાલ પરત આપવા અંગે કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. અન્યથા તેના મુળ માલિકની ખરાઈ કરી પરત સોંપવો.

ઉપરોકત હુકમ આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં તારીખ : ૧૪ મી, માહે– માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ:– માળીયા હાટીના

**(બી.વી.ગોહિલ)**
મુખ્ય જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માળીયા હાટીના, જી.જુનાગઢ
Judge Code : GJ-01456